# ભેસ્તાનમાં તાવની બીમારીમાં કિશોરનું મોત, સિવિલમાંથી પરિજનો મૃતદેહ મોપેડ પર લઇ જતા રહ્યા

**13 વર્ષીય** કિશોરની દવા લીધા બાદ પહેલાં દિવસે તબિયત સુધરી પરંતુ બીજા દિવસે ઝાડા ઊલટી થયા બાદ મોત નીપજ્યું

**પરિવારજનોને** પોલીસ, આગેવાનોએ સમજાવતા 18 કલાક બાદ મૃતદેહ પીએમ માટે સિવિલ હોસ્પિટલ પરત લવાયો

### શરીર ગરમ હોય દીકરો જીવિત હોવાનું માની બીજી હોસ્પિટલ લઈ ગયા હતા: પિતા

મૃતક આદિત્યના પિતા ગોપાલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, મારા દીકરાની અચાનક તબિયત ખરાબ થતાં સિવિલ હોસ્પિટલ લાવ્યા હતા, જ્યાં હાથ તપાસીને તેનું મોત થઈ ગયું હોવાનું જણાવ્યું હતું. જોકે તેનું શરીર ગરમ હોવાથી અમને એવું લાગ્યું હતું કે તે જીવિત છે, જેથી તેને અન્ય હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં પણ તેને મૃત જાહેર કરાયો હતો. મોત થઈ ગયા બાદ શું પ્રોસેસ કરવાની હોય છે, તેની અમને કઈ જાણ ન હતી. તેથી અમે મૃતદેહને લઈને ઘરે જતા રહ્યા હતા. જે અમારી ભૂલ થઈ ગઈ હતી અને ફરી મૃતદેહને લઈને સિવિલ હોસ્પિટલ લઈને આવ્યા છીએ પણ અમારે પોસ્ટમોર્ટમ કરાવવું નથી.

સુરતઃ ભેસ્તાનમાં રહેતા કિશોરનું તાવની બીમારીમાં સપડાયા બાદ મોત નીપજ્યું હતું. એકના એક દીકરાનું મોત થતાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. સિવિલ હોસ્પિટલમાંથી પરિવાર મૃતદેહને મોપેડ પર લઈને જતો રહ્યો હતો. દરમિયાન આજે 18 કલાક બાદ મૃતદેહને સમજાવટ બાદ પરત સુરત સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો. પરિવારે મૃતદેહ ઘરે લઈ જવાને લઈને કઈ ખબર ન હોવા અને ભૂલ થઈ ગઈ હોવાની કબૂલાત કરી હતી.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ મૂળ બિહારના વતની અને હાલમાં અને ભેસ્તાન વિસ્તારમાં આવેલી વૃંદાવન ટાઉનશીપમાં રહેતા 13 વર્ષીય આદિત્ય ગોપાલભાઈ ચૌધરી પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા પિતા અને બે બહેન છે. આદિત્ય પરિવારનો એકનો એક દીકરો હતો. પિતા ગોપાલભાઈ મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. આદિત્ય ધોરણ સાતમાં નજીકમાં આવેલી સ્કૂલમાં અભ્યાસ કરતો હતો.

આદિત્યને છેલ્લા ત્રણ દિવસથી તાવ આવી રહ્યો હોવાથી નજીકમાં આવેલા દવાખાનેથી દવા લીધી હતી. આદિત્યની નજીકના દવાખાનેથી લીધેલી દવાના કારણે સ્થિતિ સારી થઈ ગઈ હતી. દરમિયાન સોમવારે બપોર બાદ આદિત્યની તબિયત અચાનક વધુ લથડી ગઈ હતી અને ઝાડા ઊલટીઓ થવા લાગી હતી. જેથી તાત્કાલિક તેને 108 એમ્બ્યુલન્સમાં સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

જોકે ફરજ પરના તબીબોએ આદિત્યને તપાસીને મૃત જાહેર કર્યો હતો. ત્યારબાદ પરિવાર આદિત્યના મૃતદેહને મોપેડ પર લઈને સિવિલ હોસ્પિટલમાંથી જતો રહ્યો હતો. સિવિલ હોસ્પિટલના સ્ટાફ દ્વારા પરિવારજનોને સમજાવવા છતાં પણ મૃતદેહને લઈને જતા રહ્યા હતા. પરિવાર દીકરાનું પોસ્ટમોર્ટમ કર્યા વિના જતાં રહ્યા હોવાની જાણ થતાં આજે પાલિકા અને પોલીસના કર્મીઓ સમજાવવા માટે તેમના ઘર પહોંચ્યા હતા. ત્યારબાદ પરિવારના અગ્રણીઓ દ્વારા પરિવારને સમજાવવામાં આવ્યું હતું અને મૃતદેહને પરત સુરત સિવિલ હોસ્પિટલ લાવવામાં આવ્યો હતો.

# કતારગામની જ્વેલરી મેન્યુફેકચરર્સ કંપની 18થી 19 કરોડમાં કાચી પડી

**જોબવર્ક** પર કામ આપનાર દક્ષિણ ભારત, દિલ્હી, સુરત અને મુંબઈના જ્વેલર્સનું સોનું અને હીરાનો જથ્થો ફસાયો

**કાચી** પડેલી કંપનીનો લાઠી અમરેલીનો વતની પાર્ટનર નાસી છૂટ્યો

**ઉદ્યોગકાર** પાર્ટનર ફસાયેલી મૂડી આપવા સમાધાન બેઠકમાં બેઠો

સુરત : શહેરના કતારગામ સ્થિત જોબવર્ક આધારિત કાર્યરત જ્વેલરી મેન્યુફેક્ચર્સ કંપનીનો પાર્ટનર દક્ષિણ ભારત, દિલ્હી, સુરત અને મુંબઈના જ્વેલર્સનું સોનું અને હીરાનો જથ્થો લઈ ગાયબ થઈ જતા અન્ય જ્વેલર્સના 18 થી 19 કરોડ ફસાયા છે. જ્વેલર્સ દ્વારા ડિઝાઈન જ્વેલરી મેન્યુફેક્ચરિંગ માટે જોબવર્ક કરાવવા મોટી માત્રામાં ગોલ્ડ અને નેચરલ, સિન્થેટિક ડાયમંડનો જથ્થો પણ આપવામાં આવ્યો હતો. કાચી પડેલી કંપનીનો લાઠી અમરેલીનો વતની પાર્ટનર નાસી છૂટ્યો હોવાથી, તેના ઉદ્યોગકાર પાર્ટનરને તેડાવી ફસાયેલી મૂડી કઢાવવા સમાધાન બેઠકમાં બોલાવવામાં આવ્યો હતો. જેમાં હીરા ઉદ્યોગના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ ઘટનાએ ઉદ્યોગમાં પારદર્શિતા, વિશ્વાસ અને નાણાકીય અશિસ્તને ઉજાગર કરી છે. જો આવી ઘટનાઓ ચાલુ રહેશે તો તે ઉદ્યોગની પ્રતિષ્ઠા અને આર્થિક સ્થિરતાને અસર કરી શકે છે. હાલમાં લેણદારો પોતાના નાણાં પરત મેળવવા પ્રયાસ કરી રહ્યા છે. ઘટનાને પગલે હીરા અને જ્વેલરીના વેપાર સાથે સંકળાયેલા ઉદ્યોગકારો, વેપારીઓ અને લેણદારોમાં ચિંતાનું મોજું ફેલાવી દીધું છે.

હીરા અને ઝવેરાત ક્ષેત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર ઉઠમણું કરનાર જ્વેલરી કંપનીના માલિક મૂળ સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના લાઠીના મુળ વતની છે અને સુરતમાં વર્ષોથી હીરા અને જ્વેલરીના કારોબાર સાથે સંકળાયેલા છે. આ ઘટનાનું સૌથી ચોંકાવનારું પાસું એ છે કે કંપનીના માલિક છેલ્લા 10 દિવસથી ગાયબ છે. ઘણા લેણદારો પોતાના નાણાં પરત મેળવવા માટે માધ્યમોનો સહારો લેવાનું શરૂ કર્યું છે.

લેણદારો તેમનો સંપર્ક કરવા અને તેમની શોધખોળ કરવા માટે દરેક સંભવિત સ્થળે તપાસ કરી રહ્યા છે.

સુરતના કતારગામની આ જ્વેલરી કંપની જ્વેલરી મેન્યુફેક્ચરિંગના જોબવર્ક સાથે સંકળાયેલી છે. કંપની અન્ય જ્વેલર્સ માટે મજુરીથી જ્વેલરીનું મેન્યુફેકચરીંગ કરતી હતી. જેમાં આ કંપની દક્ષિણ ભારતના રાજ્યોના જ્વેલર્સ, સુરત, મુંબઈ અને દિલ્હી જેવા મોટા શહેરોના વેપારીઓ સાથે વ્યવહાર કરતી હતી. પેઢી કાચી પડવાની આ ઘટનામાં મુંબઈના કુદરતી હીરાના કારોબાર સાથે સંકળાયેલા હીરા વેપારીઓના અંદાજે 7 થી 8 કરોડ, સુરતના સ્થાનિક વેપારીઓના 5 થી 7 કરોડ તથા દિલ્હી સહીત ઉત્તર ભારતના જ્વેલર્સના 4 થી 5 કરોડ રૂપિયા સલવાયા હોવાનું બહાર આવ્યુ છે. આમ આ ઉઠમણામાં લેણદારોના અંદાજે 18 થી 19 કરોડ રૂપિયા ફસાયા હોવાનું પ્રાથમિક અનુમાન છે. આટલી જંગી રકમ ફસાવાને કારણે લેણદારોમાં ભારે નારાજગી જોવા મળી છે

બજારમાં ડિમાન્ડ ઘટવા, કાચા માલના ભાવમાં વધઘટ અને આર્થિક અનિશ્ચિતતાને કારણે ઉદ્યોગકારો પર નાણાકીય દબાણ વધ્યું છે. હીરા ઉદ્યોગ જે પહેલેથી જ આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે. આવી ઘટનાઓથી ઉદ્યોગમાં એક બીજા વેપારીઓનો પરસ્પરનો વિશ્વાસ વધુ નબળો પડી રહ્યો છે.

# કોવિડની સારવારનો ક્લેઈમ નકારનાર વીમા કંપનીને ગ્રાહક કોર્ટની લપડાક

**વિસંગતતાનું** કારણ દર્શાવી ક્લેઇમ નકાર્યા બાદ કોર્ટમાં પુરવાર કરવામાં વીમા કંપની વિફળ, વ્યાજ સાથે રકમ ચૂકવવા હુકમ

સુરત; માત્ર કાગળમાં વિસંગતતા હોવાનું કારણ દર્શાવી કોવિડની સારવારનો ક્લેઈમ નકારનાર વીમા કંપનીને ગ્રાહક કોર્ટે લપડાક આપી વ્યાજ સાથે રકમ ચૂકવવા હુકમ કર્યો હતો.

કતારગામ રાજલક્ષ્મી હાઈટ્સના રહેવાસી રાજેશ વિલાસપુરાએ આદિત્ય બિરલા હેલ્થ ઈન્શ્યોરન્સ કંપની પાસેથી મેડિકલ પોલિસી ખરીદી હતી. પોલિસી સમયગાળા દરમિયાન રાજેશ બીમાર પડતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવા આવ્યા હતા. જ્યાં તેઓ કોરોના પોઝિટિવ હોવાનું નિદાન થયું હતું. જેનો સારવાર ખર્ચ ૯૪,૪૪૦ રૂપિયા થયો હતો. આ રકમ મેળવવા માટે રાજેશે વીમા કંપની smx માં ક્લેઈમ કર્યો હતો, પરંતુ વીમા કંપનીએ કાગળોમાં વિસંગતતા હોવાનું કારણ દર્શાવી ક્લેઈમ ચૂકવવાનો ઈન્કાર કર્યો હતો.

મામલો કોર્ટમાં પહોંચતા ફરિયાદ પક્ષ તરફે એડવોકેટ નરેશ નાવડિયા તથા જીગ્નેશ હરિયાણીએ દલીલો રજૂ કરી હતી. વીમા કંપની વિસંગતતા અંગે કોર્ટ સમક્ષ કોઈ પુરાવા રજૂ કરી શકી ન હતી. અંતિમ સુનાવણી બાદ કોર્ટે ફરિયાદ મંજૂર કરી વીમા કંપનીને 8% વાર્ષિક વ્યાજ સાથે 94,440 રૂપિયા ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

# પાર્થ સુરતીના આકસ્મિક નિધન અંગે દિલસોજી

સુરતઃ મૂળ બરબોધન ગામના વતની અને જહાંગીરપુરા ખાતે રહેતા સ્પોર્ટ્સ ટીચર પાર્થ રાજેશભાઈ સુરતીનું ક્રિકેટ મેચમાં અમ્પાયરિંગ કરતી વખતે છાતીમાં બોલ વાગ્યા બાદ બ્રેઈન હેમરેજ થતાં દુઃખદ અવસાન થયું હતું. સેવાકીય પ્રવૃતિમાં અગ્રેસર પરિવારે પાર્થનાં ચક્ષુઓનું ચક્ષુદાન કરી એક પ્રેરણાદાયક મિશાલ કાયમ કરી છે. વધુમાં તા.12મી મેનાં 'ગુજરાતમિત્ર'માં આ આકસ્મિક નિધન અંગેના પ્રકાશિત અહેવાલના મથાળાથી તેમના પરિવારજનો તથા સમાજના કેટલાંક લોકોની લાગણી દુભાઈ હોવાનું જાણવા મળ્યું છે. તો આ અંગે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે 'ગુજરાતમિત્ર'નો તે અહેવાલથી કોઈની પણ લાગણીને હાની પહોંચાડવાનો ઈરાદો ન હતો અને જો કોઈને પણ કઈ મનદુખ થયું હોય તો તે અંગે અત્રે ખેદ સાથે દિલસોજી વ્યક્ત કરવામાં આવે છે.

# અંધાત્રીમાં ભૂસ્તર વિભાગની માટીમાફિયાઓ સામે રેડ: 30 લાખનો મુદ્દામાલ જપ્ત

**એક** હાઈવા ટ્રક, જેસીબી મશીન સહિતનો મુદ્દામાલ રિકવર કરી કસાલ ખાતે જમા કર્યો



માંડવીઃ માંડવીના અંધાત્રીમાં ગેરકાયદે માટીખનન પ્રવૃત્તિ કરતી વેળા સુરત ભૂસ્તર વિભાગની ટીમ ત્રાટકી હતી. ત્યારે એક જેસીબી મશીન અને એક હાઈવા ટ્રક ઝડપી લેતાં રૂ.30 લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાર્યવાહી કરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ માંડવી તાલુકામાં મોટા ભાગના વિસ્તારોમાં માટીખનન પ્રવૃત્તિ રાત-દિવસ બેફામ ધમધમે છે. ત્યારે માંડવી અંધાત્રીમાં ગેરકાયદે માટીખનન કરનારા માફિયાઓ સામે સુરત ભૂસ્તર વિભાગના અધિકારીઓ લાલ આંખ કરતાં સ્થળ પહોંચી રોયલ્ટી સહિત ખોદકામના આધાર પુરાવા માંગ્યા હતા. પરંતુ પુરાવા ન હોવાથી એક જેસીબી મશીન અને એક હાઈવ ટ્રક જપ્ત કરી કસાલ ડેપો ખાતે જમા કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ ઝડપેલું જેસીબી મશીન અને હાઈવાનો અંદાજિત રૂ. 30 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

આ બંને મુદ્દામાલનો ત્રણ લાખથી વધુ દંડ આવે તેવી સંભાવના છે. અત્રે ઉલ્લેખનીય છે કે, માંડવી તાલુકામાં રાજકીય વર્ગનો ગેરલાભ લઈ કેટલાક રેતી-માટીખનન પ્રવૃત્તિમાં સંકળાયેલા છે. જેઓ સરકારની તિજોરીને નુકસાન પહોંચાડી રહ્યા છે.

# રાજ્યમાં ગરમીનો પારો 5 ડિગ્રી વધવાની સંભાવના

**હજુ** રાજ્યમાં આગામી 48 કલાક વરસાદની વકી

ગાંધીનગરઃ રાજ્યમાં હવે આકરો થવા સાથે ગરમીનો પારો 5 ડિગ્રી વધવાની સંભાવના રહેલી છે. બીજી તરફ દક્ષિણ ભારત તરફથી લો પ્રેશરની સિસ્ટમ ઉપર ગુજરાત તરફ આવી રહી છે. આજે દિવસ દરમિયાન રાજયમાં રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ગરમીનો પારો 39 ડિગ્રીએ પહોંચ્યો હતો.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની સિસ્ટમની અસર હેઠળ હવે આગામી 48 કલાક માટે વરસાદની વકી રહેલી છે. જયારે આજે દિવસ દમિયાન રાજયમાં બોટાદ, અમરેલી અને છોટા ઉદેપુર સહિતના ચાર જિલ્લામાં મહત્તમ 9 મીમી જેટલો વરસાદ થયો છે. વરસાદ ઘટી જતાં હવે આકાશ ક્લિયર થઈ રહ્યું છે. જયારે આગામી સપ્તાહે ગરમી વધવાની સંભાવના રહેલી છે.

હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજયના અન્ય શહેરો પૈકી આજે દિવસ દરમિયાન અમદાવાદમાં 38 ડિ.સે., ડીસામાં 37 ડિ.સે., ગાંધીનગરમાં 37 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 35 ડિ.સે., વડોદરામાં 36 ડિ.સે., સુરતમાં 36 ડિ.સે., ભૂજમાં 37 ડિ.સે., નલિયામાં 35 ડિ.સે., કંડલા પોર્ટમાં 37 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 38 ડિ.સે., અમરેલીમાં 36 ડિ.સે., ભાવનગરમાં 35 ડિ.સે., રાજકોટમાં 39 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 39 ડિ.સે., મહુવામાં 34 ડિ.સે. અને કેશોદમાં 35 ડિ.સે. જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું.

# અઠવાગેટની ટૂર્સ-ટ્રાવેલ્સના માલિક અને એજન્ટે દુબઈ ટૂરના નામે 5.87 લાખ પડાવી લીધા

**અડાજણની** પરિણીતા પાસે વિઝા, ટિકિટ, દુબઈની કરન્સીના નામે પૈસા પડાવી ઓફિસ બંધ કરી પલાયન

સુરતઃ ઉનાળા વેકેશન આવતા જ ટુર્સ એન્ડ ટ્રાવેર્લ્સના ઠગબાજ સંચાલકો દ્વારા થતી છેતરપિંડીના કિસ્સાઓ પ્રકાશમાં આવી રહ્યા છે. તેમા અઠવાગેટ ખાતે આવેલી ડ્રીમ વેકેશન ટુર્સ એન્ડ ટ્રાવેર્લ્સના માલિક તથા એજન્ટે અડાજણની પરિણીતા પાસેથી દુબઈ વિથ અબુધાબી ટૂરના રૂ.5.87 લાખ પડાવી ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા.

અડાજણ વિસ્તારમાં પાલનપુર પાટિયા ખાતે આવેલ મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા મિતલબેન હિરેનકુમાર મોદીએ અઠવા પોલીસમથકમાં ડ્રીમ વેકેશન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના માલિક કિશન મગનભાઈ પટેલ (ઠે., યુ/૫, જોલી પ્લાઝા, અઠવાગેટ સર્કલ) અને તેના એજન્ટ મુકેશભાઈ પટેલ સામે રૂપિયા 5.87 લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. આ ફરિયાદમાં તેણે જણાવ્યું હતું કે કિશન મગનભાઈ પટેલ તથા એજન્ટ મુકેશ પટેલે તેમને દુબઈ વિથ અબુધાબી ટૂરમાં મોકલવાના પેકેજ માટે ઓનલાઈન રૂપિયા 1.16 લાખ લીધા હતા. જે પૈસા તેઓએ કિશન પટેલે તેમના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી બાદમાં બીજા રોકડા રૂપિયા 1.71 લાખ મેળવી લીધા હતા.

આ ઉપરાંત દુબઈની કરન્સી આપવાના બહાને રૂપિયા રોકડા ત્રણ લાખ મળી કુલ રૂપિયા 5.87 લાખ મિતલબેન પાસેથી લીધા હતા.

જોકે બાદમાં ઠગબાજ કિશન પટેલ કે મુકેશ પટેલે દુબઈના વિઝા, પ્લેનની ટિકિટ, હોટલના વાઉચર તથા દુબઈની કરન્સી નહીં આપી ઓફિસ અને મોબાઈલ બંધ કરી પલાયન થઈ ગયા હતા. જે અંગે તેઓએ કિશન પટેલ અને મુકેશ પટેલ સામે છેતરપિંડીની ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ફાયર એનઓસી નહોતી તો 16 સ્કૂલ ધો.12 સાયન્સની માર્કશિટ લેવા જ નહીં ગઈ!

**આ** સ્કૂલોના વિદ્યાર્થીઓને માર્કશિટ કેવી રીતે મળશે તે મોટો પ્રશ્ન, 10 સ્કૂલ એનઓસી વિના જ માર્કશિટ લેવા પહોંચી ગઈ

સુરતઃ શાળાઓમાં ફાયર સેફ્ટી પ્રોટોકોલના ચુસ્ત અમલ માટે ડીઈઓ ભગીરથસિંહ પરમાર દ્વારા શરૂ કરાયેલી ઝુંબેશ હેઠળ આજે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના માર્કશીટ વિતરણ દરમિયાન ખાસ કાર્યવાહી કરવામાં આવી હતી. 254માંથી 16 સ્કુલ ગેરહાજર રહી અને 10 સ્કુલ ફાયર એનઓસી વગર પહોંચી હતી.

મળતી માહિતી મુજબ, આજે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની માર્કશીટ લેવા માટે 254 શાળામાંથી 16 શાળા માર્કશીટ લેવા હાજર રહી નહોતી અને 10 શાળાએ ફરજિયાત ફાયર એનઓસી રજૂ કરી નહોતી. એટલે કુલ મળીને 26 શાળાએ ફાયર સેફ્ટી એનઓસી આપવાનું ટાળ્યું હતું. ડીઈઓ ઓફિસ તરફથી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે માર્કશીટના વિતરણ સમયે શાળાઓએ ફાયર એનઓસી રજૂ કરવી ફરજિયાત છે. આ નિયમનો ઉલ્લેખ અગાઉથી જ કરવામાં આવ્યો હતો, છતાંયે કેટલીક શાળાઓએ તેનું પાલન કર્યું નથી. ડીઈઓ ભગીરથસિંહ પરમારના જણાવ્યા મુજબ, "ફાયર સેફ્ટી ગંભીર મુદ્દો છે. વિદ્યાર્થીઓની સુરક્ષા માટે શાળાઓએ પ્રતિબદ્ધ હોવું જરૂરી છે.

એનઓસી વિના શાળાઓ સામે પગલાં લેવા અંગે પણ વિચારણા ચાલી રહી છે." આગળ આવનારા ધોરણ 10 અને 12 કોમર્સના પરિણામની માર્કશીટ વિતરણમાં પણ એ જ રીતે એનઓસી વગર માર્કશીટ નહીં આપવામાં આવે તે ડીઈઓએ સ્પષ્ટ કર્યું છે.

## ધો.10ની પરીક્ષાના પરિણામની ગુણ ચકાસણી 20મી સુધીમાં માત્ર ઓનલાઈન કરી શકાશે

ગાંધીનગરઃ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધોરણ 10ની પરીક્ષાના પરિણામની ગુણ ચકાસણી 20મી મે સુધી ઓનલાઈન કરી શકાશે. ધોરણ 10ની પરીક્ષાનું પરિણામ જાહેર થઈ ગયું છે. પરિણામની ગુણ ચકાસણીની અરજી કરવા ઈચ્છતા ઉમેદવારોએ બોર્ડની વેબસાઈટ પર 20મી 2025ને સાંજે 5:00 વાગ્યા સુધી રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરવાની રહેશે. ઓનલાઈન માધ્યમ સિવાય અન્ય કોઈ રીતે અરજી સ્વીકારવામાં આવશે નહીં. ગુણ ચકાસણીની અરજીની નિયત ફી ઓનલાઈન એસબીઆઈ ઈ પેમેન્ટ મારફતે એસબીઆઈ બેન્કની કોઈપણ બ્રાન્ચમાં કરી શકાશે.

# કામરેજ તાલુકામાં જોળવાથી પરબ ગામનો રોડ આઠ મહિના બંધ રહેશે

**બ્રિજ** નિર્માણની કામગીરી શરૂ કરાતાં જાહેરનામું બહાર પડાયું, જોળવાથી પરબ જવા હલધરૂનો વૈકલ્પિક માર્ગ સૂચવાયો

સુરતઃ મુખ્ય મંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪-૨૫ હેઠળ જોળવા ગામથી પરબ ગામ વચ્ચે બ્રિજના નિર્માણની કામગીરીને ધ્યાને લઈને ટ્રાફિક નિયમન વ્યવસ્થિત ચાલે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ વિજય રબારીએ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામા અનુસાર કામરેજ તાલુકાના પરબ જોળવા રોડ કી.મી. ૧/૪૦ થી ૧/૬૦ પર મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના-૨૦૨૪-૨૫ હેઠળ બ્રિજની કામગીરી શરૂ થઇ છે. આ બ્રિજમાં ૨-એબટમેન્ટ તથા ૨૪ મીટર લંબાઈનો સ્લેબ તથા બંને બાજુના એપ્રોચ મળીને કુલ ૩૦૦ મીટરની કામગીરી કરવાની હોવાથી જોળવા ગામથી પરબ ગામ જતા આવતા વાહનોને માટે ૨૪/૦૧/૨૦૨૬ સુધી અવરજવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે. વૈકલ્પિક રસ્તા તરીકે જોળવા બાજુથી હલધરૂ રોડ થઈ પરબ રસ્તાનો ઉપયોગ કરવાનો રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### પ્રકૃતિ ખીલી...

ઉદ્યોગને ફાયદો થવાની આશા સેવાઈ રહી છે. હાલમાં ખેડૂતો સરકાર પાસે તેમના પાક નુકસાનનું વળતર માંગ કરી રહ્યા છે.

### 13 વર્ષીય...

દિવસની ગર્ભવતી છે. પેશાબ પરિક્ષણ પણ ગર્ભાવસ્થા પોઝિટિવ છે. આ બધા જ રિપોર્ટ દર્દીની ગર્ભાવસ્થાની સ્થિતિને સૂચવે છે. એમટીપી કાયદા મુજબ ગર્ભાવસ્થાના 24 અઠવાડિયા સુધી ગર્ભપાત કરી શકાય છે. હાલની અપરિણીત શિક્ષિકાની ઉંમર 23 વર્ષ હોવાથી ગર્ભાવસ્થા ચાલુ રાખવી તેના માટે માનસિક અને સામાજિક રીતે હાનિકારક હોઈ શકે છે. હાલમાં શિક્ષિકા ગર્ભાવસ્થા સમાપ્ત કરવા માગે છે. ગર્ભાવસ્થા સમાપ્ત કરવામાં નિષ્ફળતા અને સર્જિકલ હસ્તેક્ષપ તથા માનસિક ગુંચવણોને કારણે મૃત્યુનું જોખમ છે. લાભ ગુણોત્તરને ધ્યાનમાં રાખીને ગર્ભાવસ્થા સમાપ્ત કરવાની સલાહ ગાયનેક વિભાગ તરફથી યોગ્ય જોખમ સાથે આપવામાં આવે છે. એટલે ગર્ભાવસ્થા સમાપ્તી માટે પરવાનગી આપતો રિપોર્ટ ગાયનેક વિભાગ તરફથી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો છે. જેને પગલે આજે મંગળવારે કોર્ટ શિક્ષિકાને ગર્ભપાત માટે મંજૂરી આપી છે. કોર્ટે સ્મીમેર હોસ્પિટલના વડાને આદેશ કરીને એક અઠવાડિયામાં મેડિકલ કાળજી સાથે ગર્ભપાત કરાવવા કહ્યું છે. ગર્ભપાત બાદ શિક્ષિકાની તબિયત સારી થતા તેને રજા આપી લાજપોર જેલ ખાતે મોકલવા સૂચના આપી હતી. તેમજ ડોક્ટરને ગર્ભપાત અંગેનો રિપોર્ટ પણ કોર્ટમાં રજૂ કરવા જણાવ્યું છે. જેથી હવે આગામી સમયમાં સ્મીમેર હોસ્પિટલમાં શિક્ષિકાનો ગર્ભપાત કરવામાં આવશે.

### સુરતની હીરાની...

જિ.અમરેલી), કૌશીકકુમાર અમૃતલાલ કાકડીયા (રહે. સી/૬૦૩ સેરેટોન ટાવર, મોટા વરાછા, ભરથાણા રીંગ રોડ પાસે, સુરત, મૂળ રહે. કરકોલીયા ગામ, તા. લાઠી જિ. અમરેલી)ના સંપર્કમાં આવ્યા હતા. જે તે સમયે આ ત્રણેય ભાગીદારે અનિલભાઈ ઉપરાંત અન્ય વેપારીઓ પાસેથી કુદરતી તૈયાર હીરા (એલ.બી લાઈટ બ્રાઉન) મેળવવાની શરૂઆત કરી હતી. જેમાં અનિલભાઈ પાસેથી પણ ૬/૨/૨૦૨૫ના રોજ રૂ.27.75 લાખના અને ૨૧/૩/૨૦૨૫ના રોજ રૂ.23.11 લાખ મળી કુલ રૂ.50.86 લાખના કુદરતી હીરાની ખરીદી કરી હતી. એટલું જ નહીં પરંતુ આ ત્રણેય ભાગીદારે અલગ અલગ હીરાના કુલ 20 વેપારી સાથે પણ આ જ રીતે મિત્રતા કેળવી તેમની પાસેથી પણ અવારનવાર કુદરતી હીરાનો માલ મેળવી સમયસર પૈસા ચૂકવી આપવાનો વાયદો આપ્યો હતો.

### કારેલીમાં દબાણ...

કરવામાં આવ્યો હતો, જેમાં તેમનું મોત નીપજ્યું હતું. આ ગંભીર ઘટના બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી અને હુમલા તથા મોત મામલે સંડોવાયેલા 17 જેટલા આરોપીની ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. જો કે, ગામમાં ભરવાડો સામેનો રોષ યથાવત રહ્યો હતો. ગામમાં શાંતિ જાળવવા અને ગ્રામજનોના રોષને ઠારવા માટે ગામના સરપંચ દ્વારા એક મહત્ત્વનો નિર્ણય લેવાયો હતો. ગામમાં ભરવાડોએ કરેલાં ગેરકાયદે દબાણો દૂર કરવા માટે બુલડોઝરથી ડિમોલિશનની કાર્યવાહી શરૂ કરાઈ હતી. આ કાર્યવાહી છેલ્લા કેટલાક દિવસોથી ચાલી રહી હતી. મંગળવાર, તા.૧૩ મેના રોજ પણ દબાણ હટાવવાની કાર્યવાહી ચાલુ હતી. દરમિયાન ભરવાડની માલિકીની એક ગાયનું અકસ્માતે મોત નીપજ્યું હતું. ગાયના મોતના સમાચાર વાયુવેગે ભરવાડોમાં પ્રસરતાં ટોળાં સ્થળ પર એકત્રિત થવા લાગ્યાં હતાં.બીજી તરફ અન્ય ગ્રામજનો પણ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. પરિણામે ભરવાડોનાં ટોળા અને ગ્રામજનોનાં ટોળાં સામસામે આવી ગયાં હતાં. બંને જૂથ વચ્ચે તણાવ વધતાં ભારે તંગદિલી સર્જાઈ હતી અને કોઈ અનિચ્છનીય બનાવ બને તેવી પરિસ્થિતિ ઊભી થઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા જોતાં તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

### નિત્યા ગુપ્તાને...

આ પડકાર સામે હાર માનવાને બદલે લડી લીધી. બ્લેકબોર્ડ અને પુસ્તકોના નાના અક્ષરોને ઝૂમ કરીને તેના ફોટા ખેંચતી અને ત્યારબાદ નોટ્સ બનાવીને અભ્યાસ કરતી. શરૂઆતમાં આ બધું મુશ્કેલ હતું, પણ સમય જતાં તેમણે પોતાનાં માટે એક અસરકારક રસ્તો શોધી કાઢ્યો. અને સીબીએસસીની પરીક્ષામાં દ્રષ્ટી નહી હોવા છતાં સપના સાકાર કર્યા. નિત્યા મ્યુઝિક થેરાપિસ્ટ બનવા માંગે છે.

### ધો.10માં દેશમાં...

છે. 'અનિમલ ટેલ અને રાયમસ એન્ડ રિફ્લેક્શનઃ અ જર્ની થ્રુ વર્ડ્સ' નામની બુક લખી છે. હાલ તે યુપીએસસીની પરીક્ષાની તૈયારી કરશે તેવું વિચારી રહ્યો છે. પરંતુ આગળ જતા ખરેખર શું કરવું તે અંગે હજી કઈ વિચાર્યું નથી.

### ડોક્ટર પરિવારની...

ઉપયોગ કરતી નથી. તે પોતાના પિતાને રોલ મોડલ માને છે. આગળ જતા શું કરવું તે અંગે હજી નક્કી કર્યું નથી. તે મોબાઈલનો ઉપયોગ પણ કરતી નહોતી. ફેસબુક, ઇન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયાનો તેણે ક્યારેય ઉપયોગ કર્યો નથી.

### જીડી ગોએન્કાના...

છે. ઉલ્લેખનીય છે કે શાળાના ૧૦૩ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી, જેમાંથી ૫૧ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ, ૩૦ વિદ્યાર્થીઓએ ૮૦ થી ૮૯ ટકા, ૧૭ વિદ્યાર્થીઓએ ૭૦ થી ૭૯ ટકા, ૫ વિદ્યાર્થીઓએ ૬૦ થી ૬૯ ટકા મેળવ્યા છે. જી. ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ, સુરતે સતત ૧૨ વર્ષથી ધોરણ ૧૨ હ્યુમેનિટીઝ, કોમર્સ, અને સાયન્સ પ્રવાહની બોર્ડ પરીક્ષામાં 100 ટકા પરિણામ આપી તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા કાયમ રાખી છે. આ જ શાનદાર પ્રદર્શન સાથે, આ વર્ષે પણ ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં સ્કૂલે 100 ટકા પરિણામ હાંસલ કર્યું છે.

### હ્યુમેનિટિઝ પ્રવાહમાં...

છે. કોમર્સ પ્રવાહમાં બીજા નંબરે દિવિત અગ્રવાલ ૯૭.૮૦ % અને ત્રીજા નંબરે આરવ તિવારી ૯૬.૪૦ % અને કાશ્વી ચાંડક ૯૬.૪૦ % મેળવ્યા છે. પર્વ પટેલે સાયન્સ પ્રવાહ માં ૯૫.૪૦ % (૪૭૭/૫૦૦) હાંસલ કર્યા છે. આદ્યા આનંદ ૯૨ % સાથે બીજો ક્રમ અને પ્રિયમ શાહ ૯૧.૮૦ % સાથે ત્રીજો ક્રમ મેળવ્યો છે. ઉલ્લેખનીય છે કે શાળાના ટોટલ ૧૨૧ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી, જેમાંથી ૩૭ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ, ૪૧ વિદ્યાર્થીઓએ ૮૦ થી ૮૯ ટકા, ૩૦ વિદ્યાર્થીઓએ ૭૦ થી ૭૯ ટકા, ૧૨ વિદ્યાર્થીઓએ ૬૦ થી ૬૯ ટકા તથા શાળાના ૧૨૦ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ડિવિઝન સાથે પરિક્ષા પાસ કરી છે. કોમર્સ પ્રવાહની સરેરાશ ટકાવારી ૮૧.૨૯%, વિજ્ઞાન પ્રવાહમાં સરેરાશ ટકાવારી ૮૧.૨૯% અને હ્યુમેનિટિઝ પ્રવાહ માં સરેરાશ ટકાવારી ૯૦.૮% રહી છે.

### સાયણમાં વોટરજેટ...

દરેક વોટરજેટ ફેક્ટરીના માલિકોએ મશીનમાંથી નીકળતું પાણી પહેલા રિસાયકલિંગ કર્યા પછી જ બહાર નિકાલ કરવાની જોગવાઈ છે. પરંતુ છેલ્લા અનેક વર્ષોથી ઓલપાડ તાલુકામાં ખાઈ બદેલા કેટલાક ફેક્ટરી માલિકો ચૂંટાયેલા સ્થાનિક પ્રતિનિધિઓ અને જીપીસીબી તંત્રના અધિકારીઓના મેળાપીપણામાં યુનિટમાંથી નીકળતું પ્રદૂષિત પાણી રિસાયકલિંગ કર્યા વિના જ આજુબાજુની ખાડી અને બાજુની ગટરોમાં છોડી રહ્યા છે. જ્યારે સાયણ સહિતના વિસ્તારના ખેડૂતો આ ખાડી અને ગટરના પાણીનો ઉપયોગ ખેત સિંચાઈ માટે કરી રહ્યા હોવાથી આ ગંદા અને પ્રદૂષિત સિંચાઈ પાણીના કારણે ફળદ્રુપ જમીન નકામી બનતા ખેતપાકને પણ નુકશાન થઈ રહ્યું હતું.

આ બાબતે ખેડૂતોએ વારંવાર પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ તંત્રને લેખિત અને મૌખિક ફરિયાદો કરવા છતાં તેઓના પેટનું પાણી પણ ન હલતા ખેડૂતોની રજૂઆતો વાંઝણી પુરવાર થઈ હતી. જેના પગલે તંગ આવી ગયેલા સાયણ વિસ્તારના ખેડૂતોએ ચૂંટાયેલા સ્થાનિક પ્રતિનિધિઓ સમક્ષ બળાપો કાઢ્યો હતો. જેથી આજે ૧૩મીના મંગળવારે ઓલપાડ તા.પં.ની સાયણ સીટના બે સદસ્યો પૈકી દિપેશ પટેલ, હેમુ પાઠક અને સાયણ ગ્રા.પં.ના ઈનચાર્જ સરપંચ શૈલેષ પટેલ અકળાયા હતા અને તાબોડતોડ જીપીસીબી તંત્રના અધિકારીઓને સાયણ બોલાવ્યા હતા.

તેઓએ સરકારી તંત્રને સાથે રાખી વોટરજેટ મશીનો ચલાવતી ફેક્ટરીઓ પૈકી સાયણ સુગર રોડ ઉપર સિદ્ધિ સર્જન ઈન્ડસ્ટ્રિઝ, શ્યામ ટેક્ષટાઈલ, રાધે ઈન્ડસ્ટ્રિઝ, ભૂમિ ઈન્ડસ્ટ્રિયલ, ધર્મ ઈન્ડસ્ટ્રિયલ તથા બાપા સીતારામ ઈન્ડસ્ટ્રિયલમાં જનતા રેડ કરી ફેક્ટરીઓમાં તપાસ શરૂ કરી હતી. આ વાત વાયુવેગે સાયણ પંથકમાં પ્રસરતા વોટરજેટ ફેક્ટરીના કેટલાક માલિકો જનતા રેડથી બચવા ફેક્ટરીને ચુપચાપ તાળા મારીને પલાયન થઈ ગયા હતા.

### વોટરજેટ મશીનોથી...

છે. આ ઉદ્યોગોના કારણે સાયણ સહિતના અન્ય વિસ્તારમાં ભૂગર્ભ પાણીના સ્તર ખૂબ જ નીચે જવાથી ખેડૂતોએ ખેતરમાં કરાવેલા સિંચાઈના પાણીના બોર બંધ થઈ જવા સાથે કૂવાઓ પણ ખાલીખમ થઈ ગયા છે. જેથી વર્ષો જૂની આવી સમસ્યાઓના નિવારણ સહિત ભૂગર્ભ જળના શુદ્ધિકરણ માટે સજાગ થયેલી નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકાર વોટર હાર્વેસ્ટિંગ કામગીરી હાથ ધરી કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે. જ્યારે બીજી બાજુ વોટરજેટ મશીન ચલાવતા ઉદ્યોગ માલિકો સરકારને સહકાર આપવાના બદલે પરિસ્થિતિ બગાડી રહ્યા છે.

### પ્રદૂષિત પાણી...

કે, તમો જ્યાં સુધી પ્રદૂષિત પાણી ઓકતા વોટરજેટ મશીનનું પાણી રિસાયકલિંગ ન કરશો ત્યાં સુધી તમારી ફેક્ટરીના તાળા ખોલવા દઈશું નહીં અને જરૂર પડ્યે જન આંદોલન કરતાં પણ ખચકાઈશું નહીં. આ ચીમકી પછી ખેડૂતો બાજનજર રાખી રહ્યા છે કે, આ પ્રતિનિધિઓને વોટરજેટ ફેક્ટરીના માલિકો પ્રદૂષિત પાણીમાં બેસાડી મામલો થાળે પાડે છે કે પછી જંગે ચઢનારા ત્રણેય નેતાઓ પોતાનું મિશન પુરૂં પાડી ખેડૂતોનું હિત સાચવશે.

### CBSE : સુરતમાં...

શૈક્ષણિક પ્રતિષ્ઠાને સાબિત કરી છે. રિજિયનના સરેરાશ પરિણામ કરતાં સુરતનું પરિણામ બંને ધોરણોમાં આગળ રહ્યું છે.

ધોરણ-10માં રાજ્યનું સરેરાશ પરિણામ 96.73 ટકા રહ્યુ છે, જ્યારે સુરતનું પરિણામ 97.6 ટકા નોંધાયું છે. ધોરણ-12માં પણ સુરતની શાળાઓએ મક્કમ સફળતા હાંસલ કરી છે. રિજિયનનું પરિણામ 92.96 ટકા હોવાની સામે સુરતનું પરિણામ 93.4 ટકા સુધી પહોંચ્યું છે. બોર્ડના સત્તાવાર આંકડાઓ મુજબ ધોરણ-10માં સમગ્ર અજમેર રિજિયનમાં 42,421 વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી 41,033 પાસ થયા છે. બીજી તરફ સુરતના 8,644 વિદ્યાર્થીએ પરીક્ષા આપી અને તેમાંથી મોટાભાગનાએ સફળતા મેળવી છે.

ધોરણ-12માં પણ રિજિયનમાં 32,694માંથી 30,392 વિદ્યાર્થી પાસ થયા, જ્યારે સુરતના વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર પરિણામ નોંધાવ્યું છે. વિશેષ વાત એ છે કે સુરતની એસ.ડી.જૈન, જી.ડી.ગોએન્કા, નંદુ બા ઈંગ્લિશ મિડીયમ, ડી.પી.એસ, રેડિયન્ટ અને ઉન્નતિ સ્કૂલ જેવી સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ઉંચા ગુણ સાથે સફળતા મેળવી છે. શાળાઓમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો અને વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતાઓએ ઉત્સાહભેર સફળતા ઉજવી હતી.

#### રિજિયનનું ધોરણ-10નું પરિણામ

| ધોરણ-10 | વિદ્યાર્થી | વિદ્યાર્થિની | કુલ |
|---|---|---|---|
| રજીસ્ટર્ડ | 24,478 | 18,022 | 42,500 |
| હાજર | 24,420 | 18,001 | 42,421 |
| પાસ | 23,454 | 17,579 | 41,033 |
| પરિણામ | 96.40% | 97.66% | 96.73% |

#### રિજિયનનું ધોરણ-12નું સંયુક્ત પરિણામ

| ધોરણ-12 | વિદ્યાર્થી | વિદ્યાર્થિનીઓ | કુલ |
|---|---|---|---|
| રજીસ્ટર્ડ | 18,638 | 14,144 | 32,782 |
| હાજર | 18,572 | 14,122 | 32,694 |
| પાસ | 17,006 | 13,386 | 30,392 |
| પરિણામ | 91.57% | 94.79% | 92.96% |